# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

તું ઝરૂખેથી જરા ડોકાય છે,
વિશ્વ આખુ ચાંદનીમાં ન્હાય છે.

જે તરફ તારા મળે પગલાં મને ;
ત્યાં જવાનું મન વધારે થાય છે.

જે લખી'તી મે ગઝલ તારા વિશે,
આજ લાખો પ્રેમીઓ એ ગાય છે.

એક તારા રૂપની જોવા ઝલક ;
આયખું આખુ'ય વીતી જાય છે.

-દિલેર બાબુ

## પાથેય

- રમેશ ઠક્કર

## પ્રેમની વ્યથા હોય...કથા નહીં !

વિષય વૈવિધ્યની તલાશ ફક્ત લેખકોને જ હોય છે એવું નથી હોતું..વાચકો પણ સતત નવા વિષયોને જાણવાની તાલાવેલી રાખતા હોય છે...હમણાં એક વાચકમિત્ર એ મને કહયું 'તમે પ્રેમ વિશે કેમ લખતા નથી ? તમારી કોઇ લવસ્ટોરી છે ?'

મને આશ્ચર્ય થયું..જે માણસ પ્રેમ કરે છે એને પ્રેમગાથા લખવાની જરૂર પડતી નથી..આપણે મન પ્રેમ એટલે વિજાતીય સંબંધો..કૂતુહલ..છાનું રે છપનું ને એવું બધું!

હકિકતમાં એવું હોતું નથી.,પ્રેમની પરિભાષા અઘરી છે..પ્રેમ સ્પર્શનો પણ હોય..કાજળભર્યાં નયનનો હોય..અને ગોરા મુખડાનો પણ હોય..કોઇની હારે નેડો લાગવો એ જેવી તેવી વાત નથી..અલબત આપણે સહુ સુંદર ચહેરાને શોધતા રહીએ છીએ...

અલબત ચંદ્રકાંત બક્ષી આવું ન્હોતા માનતા...એ કહેતા "મારી નવલકથાઓ ની હિરોઈન હંમેશાં ડાર્ક એટલે કે કાળી હોય છે..." પ્રેમ ને ગોરાપણા કે બાહ્ય અમીરાત સાથે કોઇ સંબંધ નથી..એ અવ્યક્ત હોય છે..પ્રેમની વ્યથા હોય કથા નહીં..પ્રેમીઓ કદી પોતાની સ્ટોરી આલેખતા નથી..એમની લવસ્ટોરી હંમેશાં બીજા લખે છે..

પ્રેમ એ ધરતીમાં ધરબાઈ ગયેલું મોહે-જો-ડેરો છે..એના ઉત્ખનનનો પણ રોમાંચ હોય છે..વસવસો એ કદાચ વળગણ હોઇ શકે..પ્રેમની પળો હોય એના યુગ ના હોય..રમેશ પારેખ કંઇક આવું પણ કહે છે.." હથેળી બહુ વ્હેમ વાળી જગા છે..અહીં શ્વાસો વસતા જે પ્રેતો થયાં છે.." આ પ્રેત એ વીર માંગડાવાળા જેવું હોય જેમાં પદમાવતીનું હેત હોય..એક હજાર નવચંદરી ભેંસોની તલાશ કરતા વિજાણંદ ની મથામણ હોય..અને એમાં એ સફળ જ થશે એવી શેણીની શ્રધ્ધા હોય..

પ્રેમ એ જોનારની આંખમાં હોય છે.."આસીમ" રાંદેરી સરસ લખે છે..'મોહબ્બત થાય છે પણ થઇ જતાં બહુ વાર લાગે છે..મોહબ્બત ચીજ છે એવી જે રસ્તામાં નથી હોતી " કોઇના પ્રીતિપાત્ર થવું એ દુર્લભ વાત છે...ખુબ બુધ્ધિશાળી લોકો પ્રેમ કરી શકતા નથી..એ સમદુખિયાંનો સહચાર છે..પન્નાલાલ પટેલ એમની આત્મકથામાં કહે છે.." છોકરીઓને બહુ દેખાવડા કે હોશિયાર છોકરા કરતાં..અલ્લડ છોકરા વધુ ગમે છે.." પ્રેમની આવી ઘણી વાતો છે..મારી કેફિયતમાં મારે ફક્ત એટલું જ કહેવાનું કે મારી કોઇ લવસ્ટોરી નથી..હું પ્રણયકથાનો નહીં પ્રણયવ્યથાનો માણસ છું..મને કોઇ પ્રેમ કરે કે ના કરે..હું ઘણા બધાને પ્રેમ કરું છું...!!

# વ્યાયામવીર અને સ્વાતંત્ર્ય સેનાની : અંબુભાઈ પુરાણી

મહર્ષિ અરવિંદના વિચારોને ભૂમિગત કરનાર વ્યાયામવીર અંબુભાઈ પુરાણીને ભૂલી જવા તે ગુજરાતને પરવડે તેવું નથી. યુવાનો વ્યાયામ તરફ વળે તે માટે અંબુભાઈ પુરાણીએ કરેલા પ્રયાસો અદ્વિતીય છે. આજે પણ ગુજરાતના કિશોરો તથા યુવાનોના સ્વાસ્થ્યનો પ્રશ્ન એ સરકાર તથા સમાજ માટે ચિંતાનો વિષય છે. થોડા દિવસો પહેલા જ ગુજરાતમાં જે ઠંડીનું પ્રમાણ હતું તે અસાધારણ ન હતું. આટલી ઠંડક એ ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં હોય તે સ્વાભાવિક પણ છે. આમ છતાં, ઠંડીને કારણે અનેક કિશોરવયના કે બાળવયના યુવાનોમાં હાર્ટની તકલીફોનું પ્રમાણ વધ્યું તેવા અહેવાલો ઠોસ આંકડાઓ સાથે પ્રસિદ્ધ થયા હતા. સમગ્ર વિશ્વમાં વધતી સ્થૂળતામાં આપણો દેશ પણ ૨૦૩૦ સુધીમાં અગ્રક્રમે હશે તેવા અનેક અભ્યાસ લેખો મીડિયામાં પ્રસિદ્ધ થતાં રહે છે. શાળા આરોગ્ય ચકાસણીના સુઆયોજિત પ્રયાસ છેલ્લા થોડા વર્ષોથી થાય છે. તે પ્રક્રિયામાં પણ બાળકોના આરોગ્યને સ્પર્શતા નવા પ્રશ્નો ઉત્તરોઉત્તર વધતા જોવા મળે છે. નાની ઉંમરથી જ આંખને દૂરના કે નજીકના ચશ્માની જરૂર રહે તેવા બનાવો વધ્યા છે. જો કે આ બધી ઘટનોમાં આરોગ્યની સુવિધાનો વ્યાપ તેમજ તે બાબતમાં સમાજની જાગૃતિ પણ અમુક અંશે કારણભૂત ગણી શકાય. આમ છતાં આપણું યુવાધન વ્યાયામની પ્રવૃત્તિથી મહદઅંશે વિમુખ થયું છે તે બાબત સ્વીકારવા પાત્ર છે. મહાનગરોની અનેક મોંઘીદાટ ખાનગી શાળાઓમાં પણ સ્કૂલ સાથે અભિન્ન રીતે જોડાયેલી મેદાનની સુવિધાનો અભાવ છે. આ બધી વિષમતાઓનો જાણે કે અંબુભાઈ પુરાણીએ તથા તેમના મોટાભાઈ છોટુભાઈ પુરાણીએ લગભગ સવાસો વર્ષ પહેલા વિચાર કર્યો હોય તેમ તેમનું જીવનકાર્ય જોતાં જણાય છે. ૧૮૯૪માં તેમનો જન્મ સુરતમાં થયો. ૧૮૯૪થી ૧૯૧૮ સુધીની અંબુભાઈની જીવનયાત્રા એ અનેક સિધ્ધિઓના સરવાળા સમાન છે. કવિ પુજાલાલે અંબુભાઈના જીવનની આનંદયાત્રા સુંદર તથા અર્થસભર શબ્દોમાં આલેખી છે.



સૌંદર્ય સૃષ્ટિભરનું સુખ સાથ સેવ્યું.
રંગો ધર્યા હ્દયમાં કુશલા કલાના.
શિલ્પી બન્યા સુભગ શિલ્પ ઉપાસનાથી,
આત્માપર્ણે ચરમ ધામ ચિદાત્મચારિ.

અંભુભાઈ તથા તેમના ભાઈ છોટુભાઈની શિરમોર સમાન પ્રવૃત્તિ એ વ્યાયામની પ્રવૃતિ હતી. આ પ્રકારની પ્રવૃત્તિ શરુ કરવા માટેનું માર્ગદર્શન તેમજ પ્રેરણા તે કાળે વડોદરામાં નિવાસ કરતા શ્રી અરવિંદ તરફથી મળી હતી. છોટુભાઈએ પોતાના ભાઈ અંબુભાઈ પર વ્યાયામના કાર્ય માટે પસંદગી ઉતારી હતી. વડોદરાનું એક ખાસ મહત્વ અંબુભાઈના જીવનમાં છે. વ્યાયમમંડળનો આરંભ પણ વડોદરામાં જ થયો હતો. મહર્ષિ અરવિંદની તે માટે પ્રેરણા હતી. વડોદરાથી મુંબઈ જઈને અંબુભાઈએ સ્નાતકની પદવી મેળવી. જો કે અખાડાની પ્રવૃતિ સાથે મુંબઈમાં પણ સંકળાયેલા રહ્યા. ગુજરાતના પ્રથમ અખાડાનો પ્રારંભ નડિયાદથી કરવાનું શ્રેય અંબુભાઈને જાય છે. અંબુભાઈના જીવનમાં એક મોટું પરિવર્તન ૧૯૧૮માં આવ્યું. અંબુભાઈ શ્રી અરવિંદના દર્શન માટે પોન્ડિચેરી ગયા હતા. આ મુલાકાત પછી અંબુભાઈના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. મહર્ષિ અરવિંદ પ્રેરિત આધ્યાત્મિક જીવનની શરૂઆત મહર્ષિ સાથેની મુલાકાત પછી થઈ.




ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સર્વ પ્રથમ નડિયાદમાં અખાડા પ્રવૃત્તિ શરુ કર્યા બાદ સમગ્ર ચરોતરમાં વ્યાયામશાળાનું કાર્ય વિસ્તૃત થવા પામ્યું હતું. નોંધપાત્ર બાબત એ છે કે અંબુભાઈ યુવાનોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. ગુજરાતની વ્યાયામ પ્રવૃત્તિના સ્રોત સમાન અંબુભાઈનું વ્યક્તિત્વ હતું. અમદાવાદમાં પણ આજથી ૧૦૦ વર્ષ પહેલા વ્યાયામપ્રવૃત્તિ શરુ કરવાનું શ્રેય અંબુભાઈને જાય છે. અખાડાઓનું કામ ક્રમશઃ વધતું હતું. શહેરોમાં વધી રહેલા મોંઘાદાટ જિમ સામેનો અખાડાનો વિકલ્પ એ સામાન્ય નાગરિકના ખિસ્સાને પરવડે તેવો છે. આમ છતાં ક્રમશઃ અખાડા પ્રવૃતિથી આપણે વિમુખ થતાં રહ્યા છીએ. તે બાબતને પુનઃ સક્રિય કરવાની જરૂર છે. તેના ફોર્મેટ તથા પદ્ધતિ બાબતમાં જરૂર પુનઃ વિચારણા કરી શકાય. આધુનિક યુગને અનુરુપ વ્યવસ્થા ગોઠવી શકાય.

વ્યાયામવીર અંબુભાઈના જીવનમાં મહર્ષિ અરવિંદનું આગમન એ તેમના જીવનનું મહત્વનું પાસું છે. મહર્ષિના આશ્રમમાં પોન્ડિચેરી જવાનું નિમંત્રણ એ અંબુભાઈના જીવનનો મહત્વનો વળાંક હતો. અંબુભાઈ ૧૯૨૩માં પોન્ડિચેરી ગયા. સતત પ્રવૃત્તિના માહોલમાં તેમના જીવનનો એક નૂતન અધ્યાય શરુ થયો. મહર્ષિના આશ્રમમાં અંબુભાઈને આનંદના સામ્રાજ્યના દર્શન થયા. પોન્ડિચેરી આશ્રમના સમગ્ર વહીવટમાં અંબુભાઈનો ફાળો મહત્વનો રહ્યો છે. અંબુભાઈ આશ્રમના નિત્ય વિકાસ સાથે સતત જોડાયેલા રહ્યા. સતત કામગીરી એ પોતાનું અહોભાગ્ય છે તેવી વાત વારંવાર કરતા હતાં. 'હું પણા'નો ભાવ તેમનાથી અનેક જોજન દૂર હતો.

અંબુભાઈ વ્યાયામશાળાના માધ્યમનો ફક્ત શારીરિક ખડતલપણા સાથેના સંબંધથી જ સંપૂર્ણ ગણતાં ન હતાં. સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ તેમજ એક જાગૃત નાગરિક સમાજના નિર્માણનો તેમનો સંકલ્પ હતો. નાગરિક ધર્મ વિશે અખાડામાં ખાસ સમજાવવામાં આવતું હતું. ગામમાં કોઈ કુદરતી આપત્તિની ઘટના બને તો વ્યાયામશાળાના વિદ્યાર્થીઓ સૌથી પહેલા પહોંચી જતા હતાં. લોકોના બચાવ તેમજ રાહતકામ માટે આ યુવાનો સૌથી આગળ રહેતાં હતાં. સેવાનો આદર્શ દરેક યુવાનમાં જાગૃત થાય તે આ અખાડા પ્રવૃત્તિનું ધ્યેય હતું. વડોદરાની લક્ષ્મીનાથ વ્યાયામશાળાથી શરુ થયેલી આ પ્રવૃત્તિ સમગ્ર ગુજરાતમાં પ્રસરી હતી. ઈન્દુલાલ યાજ્ઞિક જેવા અનેક તત્કાલીન સમાજ-સેવકો આ પ્રવૃત્તિને વેગ આપનારા રહ્યા છે. ગુજરાતમાં અંબુભાઈએ શરુ કરેલી વ્યાયામ પ્રવૃત્તિને કારણે અનેક યુવાનો દેશની સ્વાતંત્ર્ય ચળવળના કાર્ય માટે મળી શક્યા. યુવાનોને સત્યાગ્રહની ચળવળ દરમિયાન સત્તાધીશોના અત્યાચાર સહન કરવાની શક્તિ અંબુભાઈના વ્યાયામમંડળો થકી પ્રાપ્ત થઈ છે તેવી નોંધ ઈન્દુલાલ યાજ્ઞિકે પોતાની આત્મકથામાં કરી છે. શ્રી કિરીટ ઠક્કરના પુસ્તકમાંથી પણ આ મહાન સાધકના ભવ્ય જીવનનો ભાતીગળ અણસાર આવે છે. (પ્રકાશનઃ શ્રી અરવિંદ મેમોરિયલ ટ્રસ્ટ) કુપોષિત તથા નબળા કિશોરો તેમજ યુવાનો સાથે દેશનો સ્વસ્થ વિકાસ થવો અશક્ય છે. પુરાણી બંધુઓનું આ વિષયમાં ચિરસ્થાયી યોગદાન છે. તેનું અનુકરણ કરવું તે સમાજના હિતમાં છે.

# વરાહની બારસે....



(૧) આમ તો બંને જોડિયા ભાઈઓ હતા - પરંતુ એમાં જન્મના ક્રમે હિરણ્યાક્ષ મોટો અને હિણ્યપકશિપુ નાનો. બંને મહર્ષિ કશ્યપ અને દિતિના પુત્રો. બંને પાસે હિરણ્ય વગેરે સમૃદ્ધિ અપાર. મોટા પાસે તો ગદા પણ સોનાની.

(૨) હિરણ્યાક્ષે તપ કર્યું. પ્રજા પિતા બ્રહ્માને પ્રસન્ન કરી લીધા. વરદાન મેળવી લીધું. પોતે દેવ, મનુષ્ય કે અસુર - કોઈનાથી ના મરે. ઈચ્છાગતિ - ત્રણેય લોકમાં પોતે ધારે, ત્યાં જઈ શકે. એક તો પરાક્રમી તો હતો જ. એમાં આ વરદાન મેળવ્યા - જાણે કે મર્કટ મદિરા પીધી!

(૩) એને બધા સાથે લડવું હોય, લડવાની ધખના ભારે. દેવો આઘાપાછા થઈ જાય. વરુણદેવે એને રોકડું પરખાવ્યું - 'અમારે નથી લડવું, તારે લડવું હોય, તો ભગવાન વિષ્ણુ પાસે જા.'

(૪) એણે હવે માની લીધું . 'પૃથ્વી ઉપર તો અમારો અધિકાર ગણાય. એ પૃથ્વીને ઉપાડીને, સમુદ્ર માર્ગે પોતાને સામ્રાજય પાતાળમાં લઈ ગયો. દેવી પૃથ્વીએ, ભારે આક્રન્દ સાથે, ભગવાન વિષ્ણુને ફરિયાદ કરી. પ્રભુએ એને આશ્વાસન આપ્યું, અને વિદાય કર્યા.'

(૫) કલ્પનો પ્રારંભ થવાનો હતો. પ્રજાપિતા બ્રહ્માએ ભગવાન મનુ અને એમનાં પત્ની શતરૂપાને આદેશ કર્યો કે, 'સર્જન પ્રક્રિયાનો આરંભ કરો' દંપત્તિએ સમસ્યા રજૂ કરી. 'એને માટે કોઈક આધાર તો છે નહિ. પૃથ્વી તો જોઈએ જ ને ?' બ્રહ્માજીએ નિવારણ બતાવ્યું - હું ઉપાય કરું છું.'

(૬) પ્રજાપિતા બ્રહ્માએ પોતાના અસ્તિત્વમાંથી એક નાનકડો અંશ છૂટો કર્યો. તદ્દન નાના કદનો એ શ્વેત વરાહ હતો. એ દિવસે મહાસુદ બાદરનો હતો. આ અંશ તરત જ વિશાળ કાય હાથી જેવડો થઈ ગયો. આ શ્વેત વરાહે ભયાનક ગર્જના કરી. અને સમુદ્ર તરફ દોટ મૂકી. બ્રહ્માજીએ કહ્યું, 'પ્રભુ પધારી ગયા.'



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૭) હિરણ્યાક્ષને દેવર્ષિ નારદ મળી ગયા. એણે દેવર્ષિને પૂછ્યું, 'કયાં છે વિષ્ણુ?' દેવર્ષિએ માહિતી આપી દીધી. પૃથ્વીને છોડાવવા તારે ત્યાં, પાતાળમાં જ ગયા છે. વરાહનાં રૂપમાં છે.


(૮) હિરણ્યાક્ષે એમને શોધી લીધા. વરાહે પોતાના બંને દંતશૂળ ઉપર પૃથ્વીને સરસ રીતે ગોઠવી હતી. એ સમુદ્રમાંથી બહાર આવી ગયા હતા. હરણ્યાક્ષે એમને યુદ્ધ માટે લલકાર્યા. ભગવાને સાચવીને, પૃથ્વીને એના યથાસ્થાને મૂકી દીધી. પડકાર ઝીલી લીધો. ભયંકર યુદ્ધ થયું. યુદ્ધના અંતે હિરણ્યાક્ષ માર્યો ગયો.

- જે દિવસે બ્રહ્માજીમાંથી અંશ છૂટો પડ્યો, એ મહા સુદ બારસનો દિવસ હતો. એ વરાહ દ્વાદશી તરીકે પ્રસિદ્ધ થયો.

- વરાહ ભગવાન પ્રગટ્યા. પૃથ્વીનો ઉદ્ધાર થયો. સર્જન પ્રક્રિયા શરુ થઈ. એ કલ્પને વરાહ કલ્પનું નામ મળ્યું. અત્યારે ચાલુ છે, તે આ વરાહકલ્પ છે.

- પૃથ્વીને જયાં ભગવાને સુસ્થાપિત કરી, એ વરાહ તીર્થ કહેવાય છે.

- વરાહભગવાન પોતે પુરાણના પ્રવક્તા બન્યા. આ પુરાણ વરાણપુરાણ તરીકે પ્રસિદ્ધ છે. મહાપુરાણોમાં એની પ્રતિષ્ઠા છે.



# આપણી કેટલીક કુટેવો...

● એકની એક વાત એકની એક જ વ્યક્તિને વારેવારે કહ્યા કરવી...

● સારું થાય તો મેં કર્યું ને ખોટું થાય તો જેવી ભગવાનની ઇચ્છા...

● જેનો અમલ ના થઇ શકે એવા નિયમ લેવા અને તેની વાત બધાને કરી દેવી...એટલે બીજા લોકો તમે નિયમ પાળો છો કે નહિ તેનું પણ ધ્યાન રાખતા થઇ જાય..!!!!

●બીજાની મજાક મશ્કરી કરવી ગમે પણ કોઇ આપણી મજાક ઉડાવે તો ગરમ થઇ જવાનું...!!!!

● સવારે છાપું મોડુ આવે કે ન આવે તો છાપાવાળા પર ગુસ્સો ચઢે અને છાપુ આવ્યા પછી આખો દિવસ પાછા છાપાને હાથે ય ન



અડકાડે......!!!

●ધીમે ધીમે લોકોને એક બીજાને ઘેર સહ પરિવાર જવાનું ઓછુ ગમતું હોય એવું લાગે છે......પહેલાં લોકો કશું કામ ના હોય તો પણ એમને એમ મળવા જતા અને હવે તો કામ હોય તો જ જાય છે...!!

●બીજાની ભૂલ આપણે તરત બતાવીએ ને કોઇ આપણી ભૂલ બતાવે તો એ ધરાર ના ગમે અને એના ઉપર ગુસ્સે થઇ જવાનું....

●જમાના પ્રમાણે બદલાવામાં આપણને ઘણી વાર લાગે છે...

● આપણને મોટીવેશનલ (પ્રેરણાત્મક ) વક્તાઓનાં ભાષણો સાંભળવાનાં બહુ ગમે છે પણ હરામ બરાબર જો કોઇ એમાંથી સહેજેય બોધ લેતું હોય તો......

●આજના એક્વીસમી સદીના યુગમાં હજી પણ કેટલાક વડીલો સારા પ્રસંગે કોઇ એમને યાદ કરીને બોલાવે અથવા તો એમની વિશિષ્ઠ આગતા સાગતા કરે એવું અચૂક ઇચ્છતા હોય છે.....

● જે વ્યસન નથી જ છૂટવાનું એને ય છોડવાની પ્રતિજ્ઞા લેતા હોઇએ છીએ......

●દેખા દેખીની આપણે સૌ ટીકા કરીએ છીએ અને પાછા દેખા દેખી કરીએ પણ છીએ...

● ગુજરાતીઓ આરંભે શૂરા એ કહેવત માત્ર ગુજરાતીને જ નહિ પણ બધાને સરખી રીતે જ લાગુ પડે છે...

●અમુક મિત્રોને આપણે ખાસ યાદ કરીને ફોન ન કરીએ પણ એ ભાઇ કે બહેન ક્યાંક મળી જાય તો હરખી હરખીને પાછા વાતે તો ચડી જઇએ...



રંગ અને વ્યંગ
અનંત પટેલ

● ક્યાંક સ્ત્રી અને પુરુષની દોસ્તી જોઇએ કે પછી એમને બંનેને હસતાં બોલતાં જોઇએ તો તરત જ આપણે એમના પર શંકા જ કરવા લાગી જઇ છીએ.....!!!!

● જાગતા હોઇએ ત્યારે સૂતા છીએ એવું નાટક કરવામાં સૌ પાવરધા હોઇએ છીએ......

● બધુ જાણતા હોઇએ તે છતાં અજાણ્યા બનીને કોઇના મોઢેથી એ સાંભળવાનું આપણને ગમે છે......

● આપણી ભૂલ થાય ત્યારે તેનો ખેલદિલિથી સ્વીકાર કરવાનું લગભગ નથી જ ગમતું, પરંતુ એ વાત ફરીથી કોઇ ખોલે નહિ તેની બહુ જ કાળજી લઇએ છીએ...

● પત્નીના મોંઢે બીજા પુરુષનાં કે પતિના મોંઢે બીજી કોઇ સ્ત્રીનાં વખાણ સાંભળવા કોઇ તૈયાર હોતું જ નથી.....તરત જ ખિજાય જાય...

● આપણામાંના ઘણા એવા હોય છે કે જેમને વાત વાતમાં ખોટું પણ લાગી જાય છે.... !!!!

મો.૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com